સુરતમાં ભૂસ્તરશાસ્ત્રીની જગ્યા ચાર વર્ષથી ઇનચાર્જના ભરોસે !

માટી ચોરી અને રેતીના ગેરકાયદે ખનન સામે તંત્રની કામગીરી સામે સવાલો

અધિકારીઓની કથિત સાઠગાંઠમાં ખનન માફિયાઓ બેફામ થયાની ચર્ચા

ભેસ્તાનમાં મનપાના પ્લોટમાંથી માટી ચોરીનો મામલો

તાજેતરમાં ભેસ્તાન વિસ્તારમાં સુરત મહાનગરપાલિકાના પ્લોટમાંથી મોટા પાયે માટી ચોરી થયાનો મામલો સામે આવ્યો છે. સરકારી સંસ્થાની માલિકીના પ્લોટમાંથી જ જો મોટા પાયે માટી ગાયબ થતી હોય, તો શહેરના અન્ય વિસ્તારોમાં થતી ખનન પ્રવૃત્તિઓ પર દેખરેખ કેટલી મજબૂત છે તે અંગે સવાલો ઊભા થવા સ્વાભાવિક છે. આ મામલે જવાબદારોની ઓળખ, ચોરી થયેલી માટીનો જથ્થો, સંભવિત આર્થિક નુકસાન અને જવાબદાર લોકો સામેની કાર્યવાહી અંગે સ્પષ્ટતા થવી જરૂરી છે.

સરકાર કાયમી અધિકારી ક્યારે મૂકશે?

જો સરકાર ગેરકાયદે ખનન સામે ખરેખર ગંભીર હોય, તો કાયમી ભૂસ્તરશાસ્ત્રીની નિમણૂક સાથે નિયમિત તપાસ, પારદર્શક કાર્યવાહી અને જવાબદારી સાથે દંડાત્મક પગલાં અનિવાર્ય છે. હવે સવાલ એ છે કે સરકાર આ મુદ્દે ક્યારે જાગશે?

સુરતઃ સુરતમાં માટી ચોરી અને રેતીના ગેરકાયદે ખનન જેવી ગંભીર પ્રવૃત્તિઓ સામે સરકારી તંત્રની કામગીરી સામે સવાલો ઊભા થઈ રહ્યા છે. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે શહેરમાં ભૂસ્તરશાસ્ત્રી જેવી મહત્વપૂર્ણ જગ્યા છેલ્લા ચાર વર્ષથી કાયમી અધિકારીના બદલે ઇન્ચાર્જના ભરોસે ચાલી રહી છે.

સુરતમાં મોટા પાયે બાંધકામ અને વિકાસના કામો ચાલી રહ્યાં છે. વિવિધ પ્રોજેક્ટ્સમાં લાખો મેટ્રિક ટન માટીનું ખોદકામ થતું હોવાની સાથે નદીમાંથી રેતીના ખનનનો પણ મોટો પ્રશ્ન છે. આવી સ્થિતિમાં ગેરકાયદે ખનન અટકાવવું, ખનીજ સંપત્તિનું રક્ષણ કરવું અને સરકારી આવકને નુકસાન થતું રોકવું એ ભૂસ્તર વિભાગની મહત્વપૂર્ણ જવાબદારી છે. તેમ છતાં, વિભાગની મહત્વપૂર્ણ જગ્યા જ વર્ષોથી ઇન્ચાર્જના હવાલે હોવાથી દેખરેખ અને કાર્યવાહી કેટલી અસરકારક છે તેવા પ્રશ્નો ઊભા રહ્યા છે. સુરતનો ઇન્ચાર્જ જેમને સોંપાયો છે તે નવસારીના અધિકારી નવસારીથી સુરત આવતા જ હોય છે. આ ગંભીર ઘટનામાં તાત્કાલિક તપાસ, સ્થળ નિરીક્ષણ અને જવાબદારો સામે કડક પગલાં લેવામાં આવ્યા છે કે નહીં, તે અંગે તંત્રએ સ્પષ્ટ જવાબ આપવો જોઈએ. અધિકારીઓની કથિત સાંઠગાંઠથી માટી ચોરી અને રેતીના ગેરકાયદે ખનનને પ્રોત્સાહન મળતું હોવાના આક્ષેપોની પણ નિષ્પક્ષ તપાસ થવી જોઈએ.

ગાંધીનગર મનપામાં ભાજપનો કેસરિયો લહેરાયો, પણ બેઠકો ઘટી

ભાજપે 44માંથી 38 બેઠક કબજે કરી, કોંગ્રેસ 2થી વધીને 5 બેઠક થઈ, આપનો મતહિસ્સો 22.22 ટકાથી ઘટીને 4.38 ટકા

ભાજપનો મતહિસ્સો 46.11થી વધીને 56.64 ટકા થયો

વર્ષ 2021માં મનપા ચૂંટણીમાં ભાજપે 44માંથી 41 બેઠક જીતી હતી, જ્યારે આ વખતે 38 બેઠક મળી છે. આમ, ભાજપની બેઠકોમાં ત્રણનો ઘટાડો થયો છે. જોકે, મતની ટકાવારીનું ચિત્ર અલગ છે. વર્ષ 2021માં ભાજપને 2,64,902 મત અને 46.11 ટકા મતહિસ્સો મળ્યો હતો, જે 2026માં વધીને 3,08,672 મત અને 56.64 ટકા થયો છે. એટલે કે ભાજપને અગાઉની સરખામણીએ 43,770 મત વધુ મળ્યા છે અને મતહિસ્સામાં 10.53 ટકાનો વધારો થયો છે. આઠ વોર્ડમાં ભાજપની આખી પેનલ વિજયી બની છે.

કોંગ્રેસના મતમાં 42 હજારનો વધારો

વર્ષ 2021માં કોંગ્રેસને 1,59,669 મત સાથે 27.79 ટકા મતહિસ્સો મળ્યો હતો. વર્ષ 2026માં કોંગ્રેસના મત વધીને 2,01,913 થયા છે અને મતહિસ્સો 37.05 ટકા થયો છે. એટલે કે કોંગ્રેસને 42,244 મત વધુ મળ્યા છે, જ્યારે મતહિસ્સામાં 9.26 ટકાનો વધારો નોંધાયો છે. બેઠકોની દ્રષ્ટિએ ગત ચૂંટણીની બે બેઠકોની સરખામણીએ આ વખતે પાંચ બેઠકો મેળવી છે. વોર્ડ નંબર-6માં ચારેય બેઠકો જીતવી કોંગ્રેસ માટે ચૂંટણીનો મુખ્ય પરિણામ રહ્યું છે. વોર્ડ નંબર-7માં પણ કોંગ્રેસે એક બેઠક મેળવી છે.

ગાંધીનગરઃ ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીનાં પરિણામોમાં ભાજપે 44માંથી 38 બેઠક જીતીને સત્તા જાળવી રાખી છે, પરંતુ ગત ચૂંટણીની સરખામણીએ તેની બેઠકોમાં ઘટાડો થયો છે. બીજી તરફ, કોંગ્રેસે બેમાંથી પાંચ બેઠક મેળવીને પોતાની હાજરી વધારી છે, જ્યારે આમ આદમી પાર્ટી એક પણ બેઠક જીતી શકી નથી. ભાજપની બેઠકો ઘટી હોવા છતાં તેના મતહિસ્સામાં વધારો થયો છે, જ્યારે કોંગ્રેસે બેઠકો સાથે મતહિસ્સામાં પણ વૃદ્ધિ નોંધાવી છે. ગાંધીનગર મનપાની ચૂંટણીમાં વોર્ડ નંબર-6નું પરિણામ સૌથી નોંધપાત્ર રહ્યું છે. અહીં કોંગ્રેસે ચારેય બેઠકો જીતીને ભાજપને એક પણ બેઠક મેળવવા દીધી નથી. બીજી તરફ, વોર્ડ નંબર-2માં ભાજપે ત્રણ બેઠકો જીતી હતી, જ્યારે એક બેઠક અપક્ષ ઉમેદવાર દીપિકાબેન રાજેન્દ્રસિંહ વાઘેલાના ફાળે ગઈ છે. વોર્ડ નંબર-7માં ભાજપના ત્રણ અને કોંગ્રેસના એક ઉમેદવાર વિજયી બન્યા છે. વોર્ડ નંબર-1, 3, 4, 5, 8, 9, 10 અને 11માં ભાજપે તમામ ચાર બેઠકો જીતી પોતાની પેનલનો વિજય નોંધાવ્યો છે.

ખાનગી યુનિ.ના ગ્રાઉન્ડમાં ગરબા રમતા ગણદેવીના વિદ્યાર્થીનું મોત

કોમ્પ્યુટર સાયન્સનો અભ્યાસ કરતા 21 વર્ષના અથર્વ રાઠોડને તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયો, તબીબે તેને મૃત જાહેર કર્યો

વડોદરાઃ વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકામાં આવેલી ખાનગી યુનિવર્સિટીના ગરબા ગ્રાઉન્ડમાં ગરબા રમતી વખતે 21 વર્ષીય વિદ્યાર્થી અચાનક ઢળી પડતાં તેનું મોત નીપજ્યું હતું. યુનિવર્સિટીમાં કોમ્પ્યુટર સાયન્સનો અભ્યાસ કરતા અથર્વ રાજેશકુમાર રાઠોડને તાત્કાલિક સારવાર માટે પારુલ સેવાશ્રમ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. નવરાત્રીના માહોલમાં યુવાન વિદ્યાર્થીના અચાનક મોતથી શોકની લાગણી ફેલાઈ છે.

મળતી માહિતી મુજબ, મૂળ નવસારી જિલ્લાના ગણદેવીની શાંતિનિકેતન સોસાયટીનો રહેવાસી અથર્વ રાઠોડ હાલ વાઘોડિયા વિસ્તારમાં સહજાનંદ કોમ્પ્લેક્સ, માઢોધર રોડ ખાતે રહેતો હતો. તા. 11 ઓક્ટોબર, 2026ના રોજ પારુલ યુનિવર્સિટીના કેમ્પસમાં આવેલા ગરબા ગ્રાઉન્ડમાં તે ગરબા રમી રહ્યો હતો.

દરમિયાન અચાનક તેની તબિયત લથડતાં તે ઢળી પડ્યો હતો. ત્યારબાદ તેને સારવાર અર્થે પારુલ સેવાશ્રમ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જોકે, તા. 12 ઓક્ટોબરના રોજ વહેલી સવારે 1:24 વાગ્યે તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. આ બનાવ અંગે વાઘોડિયા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. વિદ્યાર્થીના મોતનું ચોક્કસ કારણ જાણવા માટે તપાસ હાથ ધરવામાં આવી છે.

દિવાળી-છઠ પર 14 સ્થળ માટે 96 વિશેષ ટ્રેન દોડાવવા તૈયારી

ઉધના સ્ટેશન પર હોલ્ડિંગ એરિયા તૈયાર

સુરતઃ દિવાળી અને છઠ પૂજા પર યુપી, બિહાર, ઝારખંડ અને પશ્ચિમ બંગાળ જનારા યાત્રીઓની ભીડને પહોંચી વળવા પશ્ચિમ રેલવેએ મોટી તૈયારી કરી છે. મુંબઈ સેન્ટ્રલ દ્વારા સુરત અને ઉધના સ્ટેશનથી 14 સ્થળ માટે 96 ટ્રિપ સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો પ્રસ્તાવ રેલવે બોર્ડને મોકલવામાં આવ્યો છે. આ સ્પેશિયલ ટ્રેનોનું સંચાલન 25 ઓક્ટોબરથી શરૂ થઈ શકે છે.તહેવારોમાં સુરત અને ઉધનાથી ઉત્તર ભારત જતી ટ્રેનોમાં લાંબુ વેઈટિંગ અને કન્ફર્મ ટિકિટ ન મળવાથી યાત્રીઓને ભારે હાલાકી પડે છે. આ પરેશાની ઘટાડવા અને ભીડને નિયંત્રિત કરવા આ સ્પેશિયલ ટ્રેનોની માંગ કરવામાં આવી છે. રેલવેના જણાવ્યા મુજબ યાત્રીઓની માંગ મુજબ રિઝર્વ અને અનારક્ષિત બંને પ્રકારની સ્પેશિયલ ટ્રેનોની વ્યવસ્થા કરાશે. આ સાથે ઉધના સ્ટેશન પર યાત્રીઓની ભીડને કાબૂમાં લેવા માટે નવો હોલ્ડિંગ એરિયા પણ બનાવવામાં આવી રહ્યો છે, જેનાથી પ્લેટફોર્મ પર ધસારો ઘટશે.

ઉધનાથી આ રૂટ માટે માંગી સ્પેશિયલ ટ્રેનો

» પ્રયાગરાજ - 8 ટ્રિપ રિઝર્વ સ્પેશિયલ » ગયા - 8 ટ્રિપ અનારક્ષિત સ્પેશિયલ » છપરા - 4 ટ્રિપ રિઝર્વ સ્પેશિયલ, 4 ટ્રિપ અનારક્ષિત સ્પેશિયલ » ભાગલપુર 12 ટ્રિપ અનારક્ષિત સ્પેશિયલ, 4 ટ્રિપ રિઝર્વ સ્પેશિયલ » જયનગર 12 ટ્રિપ અનારક્ષિત સ્પેશિયલ » પટના 4 ટ્રિપ રિઝર્વ સ્પેશિયલ » દરભંગા 8 ટ્રિપ અનારક્ષિત સ્પેશિયલ » સમસ્તીપુર 8 ટ્રિપ રિઝર્વ સ્પેશિયલ » મુઝફ્ફરપુર 4 ટ્રિપ રિઝર્વ સ્પેશિયલ » ધનબાદ 4 ટ્રિપ રિઝર્વ સ્પેશિયલ » હાવડા 4 ટ્રિપ અનારક્ષિત સ્પેશિયલ, 4 ટ્રિપ રિઝર્વ સ્પેશિયલ» આસનસોલ 8 ટ્રિપ રિઝર્વ સ્પેશિયલ

240 કરોડના ખર્ચે સુરત સહિતના વિસ્તારની પાંચ ITI આધુનિક બનશે

એએમ/એનએસ ઇન્ડિયાની ૫૧ ટકા હિસ્સેદારી, જ્યારે કેન્દ્ર અને ગુજરાત સરકારની હિસ્સેદારી ૨૪.૫ ટકા રહેશે

સુરતઃ સુરત ક્લસ્ટરની પાંચ આઈટીઆઈના આધુનિકીકરણ માટે એએમ-એનએસ ઈન્ડિયા દ્વારા પીએમ-સેતુ હેઠળ રાજ્ય સરકાર દ્વારા એમઓયુ કરવામાં આવ્યા હતા. આગામી તબક્કામાં આઈટીઆઈના આધુનિકીકરણ અને સંચાલન માટે વિશેષ હેતુ કંપની (એસપીવી) ની રચના કરવામાં આવશે. તેમાં એએમ/એનએસ ઈન્ડિયાની ૫૧ ટકા હિસ્સેદારી રહેશે, જ્યારે કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકારની હિસ્સેદારી ૨૪.૫ ટકા લેખે રહેશે.

રૂ.૨૪૦ કરોડના મંજૂર રોકાણ સાથેનો આ પ્રોજેક્ટ પાંચેય આઈટીઆઈમાં અભ્યાસ કરતા યુવાનોની રોજગારક્ષમતા વધારવાનો ઉદ્દેશ ધરાવે છે. એએમ/એનએસ ઈન્ડિયા તેના શૈક્ષણિક અને ટેકનિકલ ભાગીદાર ન્યૂ એજ મેકર્સ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી (નામટેક) સાથે મળીને આ પ્રોજેક્ટનો અમલ કરશે. આ અંતર્ગત તાલીમ સુવિધાઓનું આધુનિકીકરણ, વર્તમાન અભ્યાસક્રમોમાં સુધારા, નવા વ્યવસાયલક્ષી તાલીમ અભ્યાસક્રમો શરૂ કરવા અને પ્રશિક્ષકોની તાલીમને વધુ મજબૂત બનાવવા જેવા કાર્યો કરવામાં આવશે.

આ પ્રોજેક્ટ હેઠળ પાંચ સરકારી આઈટીઆઈનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેમાં સરકારી આઈટીઆઈ, સુરત; સરકારી આઈટીઆઈ, હજીરા; સરકારી આઈટીઆઈ, બારડોલી; સરકારી મહિલા આઈટીઆઈ, સચિન અને સરકારી મહિલા આઈટીઆઈ, સુરતનો સમાવેશ થાય છે. સરકારી આઈટીઆઈ, સુરત મુખ્ય તાલીમ કેન્દ્ર તરીકે કાર્ય કરશે અને સંયુક્ત સુવિધાઓ તથા સંસાધનો દ્વારા અન્ય ચાર સંસ્થાઓને સહયોગ આપશે.

હોસ્પિટલોનાં રજિસ્ટ્રેશન માટે 31 ઓક્ટોબર સુધીની મહેતલ

સુરત જિલ્લામાં પ્રોવિઝનલ રજિસ્ટ્રેશન માટે 6,224 અરજીઓ મળી

5,707ને સર્ટિફિકેટ અપાયાં, 357 અરજીઓમાં ક્વેરી

લાઇસન્સથી લઈને મેડિકલ સર્ટિફિકેટ સુધીની ખામીઓ

આરોગ્ય વિભાગ દ્વારા અરજીઓની તપાસ દરમિયાન વિવિધ પ્રકારની ખામીઓ સામે આવી રહી છે. કેટલીક હોસ્પિટલોમાં ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB)નું જરૂરી લાયસન્સ ઉપલબ્ધ ન હોવાની બાબત સામે આવી છે. કેટલાક કિસ્સામાં જરૂરી ફોટા રજૂ કરવામાં આવ્યા નથી, જ્યારે અન્ય અરજીઓમાં મેડિકલ કાઉન્સિલનાં સર્ટિફિકેટનું રિન્યુઅલ ન કરાવવાને કારણે ક્વેરી કાઢવામાં આવી છે.

સુરત : સુરત શહેર અને જિલ્લામાં હોસ્પિટલો તથા ક્લિનિકોના રજિસ્ટ્રેશનની પ્રક્રિયા હવે નિર્ણાયક તબક્કામાં પહોંચી છે. આરોગ્ય વિભાગ દ્વારા રજિસ્ટ્રેશન માટે અરજી કરવાની અંતિમ તારીખ 31 ઓક્ટોબર, 2026 નક્કી કરવામાં આવી છે. અગાઉ 12 ઓક્ટોબર, 2025 છેલ્લી તારીખ હતી, પરંતુ વિધાનસભાની મંજૂરી બાદ સમયમર્યાદા લંબાવવામાં આવી હતી.

સુરત જિલ્લામાં અત્યાર સુધીમાં પ્રોવિઝનલ રજિસ્ટ્રેશન માટે કુલ 6,224 અરજીઓ મળી છે. તેમાંથી 5,707 હોસ્પિટલોને પ્રોવિઝનલ રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ આપવામાં આવ્યાં છે. બીજી તરફ, 357 અરજીઓમાં આરોગ્ય વિભાગે ક્વેરી કાઢી છે, જ્યારે 137 અરજીઓની તપાસ બાકી છે. ઉપરાંત, 23 અરજીઓ રિજેક્ટ કરવામાં આવી છે.

પ્રોવિઝનલ રજિસ્ટ્રેશનની સાથે પાંચ વર્ષના પરમનન્ટ રજિસ્ટ્રેશન માટે પણ પ્રક્રિયા ચાલી રહી છે. અત્યાર સુધીમાં આ માટે 1,802 અરજીઓ મળી છે. સંબંધિત હોસ્પિટલોનું ઇન્સ્પેક્શન અને દસ્તાવેજોની ચકાસણી કરવાની કામગીરી ચાલુ છે. આ ઉપરાંત, કાયમી રજિસ્ટ્રેશન માટેની 18 અરજીઓમાં ક્વેરી કાઢવામાં આવી છે. તપાસ અને ઇન્સ્પેક્શન પૂર્ણ થયા બાદ નિયમો અનુસાર આગળની કાર્યવાહી કરવામાં આવશે.

અનુસંધાન... પાના છેલ્લાનું

ડ્રીમ સિટી...

હેતુ સિવાયના વિવિધ હેતુઓ માટે એક જ વિસ્તારમાં વિકાસ કરવાની તક મળશે.ડ્રીમ સિટીનો અગાઉનો માસ્ટર પ્લાન નેધરલેન્ડની કન્સલ્ટન્ટ કંપની દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ગિફ્ટ સિટી અને સાબરમતી રિવરફ્રન્ટ જેવા પ્રોજેક્ટના અનુભવો તથા સફળતાના માપદંડોને ધ્યાનમાં રાખીને અમદાવાદની કન્સલ્ટન્ટ એજન્સી HCP દ્વારા રિવાઈઝ્ડ માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. ડ્રીમ સિટીને વધુ જીવંત, આધુનિક અને રોકાણલક્ષી કેન્દ્ર બનાવવાના હેતુથી તેમાં અર્બન ડિઝાઈન, વોકેબલ બ્લોક્સ, ગ્રીન સ્પેસ અને મિક્સ્ડ યુઝ ડેવલપમેન્ટ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. ડ્રીમ સિટી પ્રોજેક્ટનો હવાલો સંભાળતા ડેપ્યુટી કમિશનર ધર્મેશ મિસ્ત્રીના જણાવ્યા મુજબ, અલગ-અલગ હેતુ માટે જમીનને ચોક્કસ ઝોનમાં મર્યાદિત કરવાને બદલે રોકાણકારોને વધુ વિકલ્પો મળે તેવો અભિગમ અપનાવવામાં આવ્યો છે. નવા આયોજનમાં લઘુતમ 2500 ચોરસ મીટર જમીન માટે વિકાસ હકો ફાળવવાની જોગવાઈ છે. આથી મોટા પ્રોજેક્ટની સાથે પ્રમાણમાં નાના પ્લોટ પર પણ વ્યાપારી અને અન્ય બિનઔદ્યોગિક વિકાસની તકો ઊભી થઈ શકશે.

ઉધનાની...

અવાજ સાંભળીને આસપાસના અન્ય ઔદ્યોગિક એકમોના કર્મચારીઓ પણ ભયભીત થઈને બહાર દોડી આવ્યા હતા. આ ઘટનામાં બોઇલર નજીક કામ કરી રહેલા ચાર શ્રમિકો સળગતી આગની ચપેટમાં આવી જતાં ગંભીર રીતે દાઝી ગયા હતા.

બનાવની જાણ થતાં જ તાત્કાલિક 108 ઇમરજન્સી એમ્બ્યુલન્સ મારફતે ચારેય ઈજાગ્રસ્તોને સારવાર અર્થે નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. દાઝી ગયેલા દર્દીઓમાં 34 વર્ષીય વિકાસ કદમ, 21 વર્ષીય સૂરજ, 36 વર્ષીય દીપક પાટીલ અને 34 વર્ષીય કરણનો સમાવેશ થાય છે. હોસ્પિટલના તબીબોના જણાવ્યા મુજબ, તમામ શ્રમિકો શારીરિક રીતે આશરે 50 થી 55 ટકા જેટલા દાઝી ગયા હોવાથી તેમની સ્થિતિ ગંભીર બનેલી છે અને તબીબી ટીમ દ્વારા તેમની સઘન સારવાર હાથ ધરવામાં આવી રહી છે. ઘટના અંગે જાણ થતાની સાથે જ ફાયર બ્રિગેડનો કાફલો લાઈફ સેવિંગ સાધનો સાથે સ્થળ પર પહોંચી ગયો હતો અને આગ વધુ પ્રસરતી અટકાવીને તેના પર સંપૂર્ણ કાબૂ મેળવવાની કામગીરી શરૂ કરી દીધી હતી.

બીજી તરફ, બોઇલર કયા કારણોસર ફાટ્યું તેનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. કોઈ ટેકનિકલ ક્ષતિ સર્જાઈ હતી કે પછી અન્ય કોઈ પરિબળ જવાબદાર હતું તે દિશામાં તપાસ શરૂ કરવામાં આવી છે. સ્થાનિક પોલીસ તેમજ ફાયર વિભાગ દ્વારા સંયુક્તપણે તપાસ હાથ ધરીને મિલમાં સલામતીના નિયમો અને બોઇલર મેન્ટેનન્સમાં કોઈ બેદરકારી હતી કે કેમ તે અંગેની વિગતો મેળવવાની કવાયત આદરી છે.

52 ટકા...

વિકાસ માટે વાપરવાની જોગવાઈ કરવામાં આવી છે. આથી પ્રોજેક્ટમાં માત્ર બાંધકામ જ નહીં, પરંતુ રસ્તા, હરિયાળી અને સામાજિક સુવિધાઓ સાથેનું આધુનિક શહેરી માળખું ઊભું કરવાનો પ્રયાસ કરાયો છે.

રાજ્યમાં...

ભાવનગરમાં 36.0, ગાંધીનગરમાં 35.8 અને વડોદરા તથા સુરતમાં 36.6 ડિ.સે. તાપમાન નોંધાયું હતું. નલિયામાં 34.6 ડિ.સે. તાપમાન રહ્યું હતું.

સરસાણા...

સાથે અગત્યની બેઠક યોજવામાં આવી છે. જેમાં હાલની સિક્યુરિટી એજન્સીને તાત્કાલિક અસરથી રદ કરી નવી એજન્સી મૂકવા અને આયોજકો સામે કાર્યવાહી કરવા રજૂઆત કરવામાં આવશે.

સુરતના 8...

સહિત અનેક ઠેકાણે 20થી વધુ સ્ક્રેપ ડીલર્સને ત્યાં દરોડા કાર્યવાહી કરવામાં આવી હતી. સુરતમાં એસજીએસટી અન્વેષણ વિભાગની ટીમ દ્વારા ઉધના, ઉન અને વલથાણ ચોકડી વિસ્તારના સ્ક્રેપ ડીલર્સને સકંજામાં લેવામાં આવ્યા હતા. ત્રણ દિવસની તપાસ દરમિયાન મોટા ભાગના સ્ક્રેપ ડીલર્સ બોગસ બિલિંગ મારફતે કરોડો રૂપિયાની ઈનપુટ ટેક્સ ક્રેડિટની ચોરી કરતા હોવાનું ખુલ્યું છે. સીસીટીવી ફૂટેજ, ડીજિટલ પુરાવા કબજે લઈ વિભાગે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

બોઈલર ફાટીને...

નિયંત્રણ બોર્ડ (GPCB) પણ સક્રિય થયું છે. GPCBના અધિકારી અરૂણ પટેલે જણાવ્યું હતું કે ઘટનાની જાણ થતાં જ બોર્ડની એક ટીમને સ્થળ તપાસ માટે મોકલી આપવામાં આવી છે. હવે બંને વિભાગોની તપાસમાં શું હકીકતો બહાર આવે છે તેના પર સૌની નજર છે. ખાસ કરીને બોઈલરની જાળવણી, જરૂરી મંજૂરીઓ અને સલામતીનાં ધોરણો અંગે તપાસમાં શું બહાર આવે છે તે મહત્ત્વનું રહેશે. ચાર શ્રમિકો ગંભીર રીતે દાઝી જવાની આ ઘટના બાદ જવાબદારી નક્કી કરી નિયમોનું ઉલ્લંઘન થયું હોય તો સંબંધિતો સામે કાર્યવાહી કરવી જરૂરી બની છે.

ઓક્ટોબરમાં...

ડિગ્રી નોંધાયું હતું. ત્યારબાદ ચાલુ વર્ષે 38.1 ડિગ્રી સાથે બીજી વખત પારો 38 ડિગ્રીને પાર પહોંચ્યો છે. વર્ષ 2024માં 37.4 ડિગ્રી અને 2025માં 37 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. આમ, ચાલુ વર્ષનું તાપમાન બંને વર્ષ કરતાં વધારે રહ્યું છે. આજે હવામાં ભેજનું પ્રમાણ 59 ટકા નોંધાયું હતું, જ્યારે ઉત્તર-પશ્ચિમ દિશામાંથી કલાકના આઠ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાયો હતો. મહત્તમ તાપમાનમાં થયેલા વધારાની સાથે લઘુત્તમ તાપમાન પણ ઊંચું રહેતાં ગરમીથી રાહત મળવાની શક્યતા પર અસર પડી શકે છે.

અમદાવાદની IPS મેસ ખાતેના ગરબામાં મુખ્યમંત્રી, ઉપમુખ્યમંત્રી સહભાગી થયા

ગાંધીનગરઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદની આઈપીએસ મેસ ખાતે આયોજિત નવરાત્રિ ગરબા મહોત્સવમાં ઉપસ્થિત રહીને મહાઆરતીમાં સહભાગી થયા હતા.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીએ આદ્યશક્તિ મા અંબાનાં દર્શન કરી મા જગદંબાની આરતી ઉતારી હતી. તેમણે સૌ પોલીસ અધિકારીઓ તેમજ તેમના પરિવારજનોને નવરાત્રિ પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી.

આ અવસરે મુખ્ય સચિવ મનોજકુમાર દાસ, મુખ્યમંત્રીના અગ્ર સચિવ સંજીવ કુમાર, રાજ્યના પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિક, ડીજી (સીઆઈડી ક્રાઈમ) ડૉ. કે.એલ. એન. રાવ, અગ્ર મુખ્ય વન સંરક્ષક જયપાલસિંહ અને અમદાવાદના પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને ગરબામાં ભાગ લીધો હતો.

અનુસંધાન... પાના પહેલાનું

રૂ. ૨,૦૦૦ની...

મર્યાદિત રાખવામાં આવ્યો છે. આ મોકૂફીનો નિર્ણય વિપક્ષ દ્વારા કરવામાં આવેલા આરોપોની વચ્ચે આવ્યો છે, જેમાં વિપક્ષે તેને ટેક્સ ગણાવ્યો હતો અને કહ્યું હતું કે ૨,૦૦૦ રૂપિયાથી વધુના નિર્ધારિત UPI વ્યવહારો પરનો આ ચાર્જ ગ્રાહકો પર બોજ બનશે. ૧૫ સપ્ટેમ્બરના સર્ક્યુલર મુજબ, વ્યક્તિઓ વચ્ચેના પેમેન્ટ્સ તેમજ રોજિંદા વ્યવહારોના મોટાભાગના મર્ચન્ટ પેમેન્ટ્સ મફત જ રહેવાના હતા.આ નિર્ણયને આવકારતા કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ(CAIT)એ જણાવ્યું હતું કે UPI વ્યવહારો પર સૂચિત MDR ચાર્જ મોકૂફ રાખવાનું સરકારનું પગલું સમયસર અને વ્યવહારુ છે, ખાસ કરીને તહેવારો અને લગ્નસરાની સિઝનમાં, જ્યારે લાખો વેપારીઓ અને MSME વધુ વ્યવસાયિક વોલ્યુમ પર નિર્ભર હોય છે.

દિલ્હીમાં જંતર...

(માન્યતા રદ) કરી શકો નહીં.'

સીજેપી સભ્યોએ સ્પષ્ટ કર્યું હતું કે તેઓ આ નિયુક્ત સ્થળે પ્રદર્શન કરવાના પોતાના બંધારણીય અધિકારનો દાવો કરવા અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગ માટે જંતર મંતરમાં પ્રવેશ્યા હતા. નેતા આશુતોષ રાંકાએ જણાવ્યું હતું કે જંતર મંતરનો કિલ્લો પુનઃ પ્રાપ્ત કરી લેવાયો છે અને જ્ઞાનેશ કુમારનું રાજીનામું અહીંથી જ લેવામાં આવશે.મંગળવારે લગભગ 11 સભ્યોની અટકાયત કરાઈ હતી અને દાસ તથા રાંકા સહિતના નેતાઓને દ્વારકા જિલ્લાના જાફરપુર કલાન પોલીસ સ્ટેશને લઈ જવાયા હતા, જ્યાં બહાર સીજેપી કાર્યકરો એકઠા થતાં સુરક્ષા વધારી દેવાઈ હતી. દીપકેએ આરોપ લગાવ્યો હતો કે પોલીસે અટકાયતમાં લેવાયેલા નેતાઓને તેમના વકીલો સાથે મળવા દીધા ન હતા અને તેને 'અપહરણ' સમાન ગણાવ્યું હતું.

સીજેપીના દીપકે...

કલાન પોલીસ સ્ટેશને મોકલી આપ્યા છે. નોંધનીય છે કે આ નેતાઓની શનિવારે પણ અટકાયત કરવામાં આવી હતી અને એક વર્ષ સુધી શાંતિ ભંગ ન કરવાની શરતે મુક્ત કરાયા હતા. સીજેપીએ વિરોધ સ્થળને મધ્ય દિલ્હીથી અને સત્તાના કેન્દ્ર સમાન સંસદ અને અન્ય મંત્રાલયોની કચેરીઓથી દૂર ખસેડવાના નિર્ણયની ટીકા કરતા કહ્યું છે કે તેનાથી વિરોધ પ્રદર્શનનું મહત્વ ઘટી જશે.

બંધારણ મુજબ...

પ્રશ્ન ઉઠાવ્યો હતો કે રાજકીય કેન્દ્રથી દૂર વિરોધ સ્થળ ખસેડવાનો શો અર્થ છે? તેમણે કહ્યું કે જંતર મંતરનું ઐતિહાસિક મહત્વ છે અને તેમની માગ માત્ર જંતર મંતર માટે જ છે. સંગઠને બંધારણની કલમોનો હવાલો આપતા કહ્યું કે તે નાગરિકોને અભિવ્યક્તિની સ્વતંત્રતા અને શાંતિપૂર્ણ ભેગા થવાનો અધિકાર આપે છે. સીજેપીના કાર્યકરોએ ક્રાંતિકારી કવિતા 'સરફરોશી કી તમન્ના' નું ગાન પણ કર્યું હતું.

યમનમાં હૂથી...

વિસ્તારો છોડી દેવા વિનંતી કરી હતી. હૂથી અધિકારીઓએ આ સાઈટ પર હુમલાની સંભાવના વ્યક્ત કરી હતી. ઓઈલ કંપનીએ જણાવ્યું હતું કે તેના સંગ્રહસ્થાન ખાલી છે અને સાઉદીના હુમલાથી રહેવાસીઓ માટેના તેલના જથ્થા કે પુરવઠા પર કોઈ અસર નહીં થાય. ચેતવણી મળ્યા બાદ તરત જ, હૂથી લશ્કરી પ્રવક્તા બ્રિગેડિયર જનરલ યહ્યા સારેએ ટેલિગ્રામ પર જણાવ્યું હતું કે સના પર કોઈપણ સાઉદી હુમલાનો રિયાધમાં સખત અને પીડાદાયક જવાબ આપવામાં આવશે.

લડાખના સ્થળોના...

આવેલા કહેવાતા 'કેન્દ્રશાસિત પ્રદેશ લડાખ'ને માન્યતા આપી નથી. તેથી ભારત દ્વારા જાહેર કરવામાં આવેલા પ્રમાણભૂત નામો ગેરકાનૂની અને અમાન્ય છે.ભારતના ગૃહ મંત્રાલય દ્વારા લડાખ પ્રશાસનની સલાહથી 2 ઓક્ટોબરે લડાખના 28 વ્યૂહાત્મક સ્થળો અને ભૌગોલિક સુવિધાઓ માટેના પ્રમાણભૂત નામોની સત્તાવાર જાહેરાત કરી હતી. આ પગલાનો મુખ્ય હેતુ સત્તાવાર નકશા નિર્માણને સુવ્યવસ્થિત કરવાનો, ચોક્કસ ઓળખ સરળ બનાવવાનો અને આ સંવેદનશીલ સરહદી વિસ્તાર વિશે જાહેર જાગૃતિ વધારવાનો છે.

રૂપિયાનું અવમૂલ્યન...

મેં કહ્યું તેમ રૂપિયાનું સ્તર નક્કી કરવા માટે નહીં, પરંતુ અસ્થિરતા રોકવા માટે RBIના આ પ્રયાસો ચાલુ રહેશે. જો રૂપિયો પોતાનું કુદરતી સ્તર જાતે શોધી લે તો અમે તેને આવકારીશું.''

ચીનના વિરોધને....

ભારતનો 'અવિભાજ્ય અને અખંડ' ભાગ છે અને ચીન ગમે તેટલો ઇનકાર કરે તો પણ આ સ્થાપિત સત્ય બદલાઈ શકે નહીં. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું હતું કે, લડાખ પ્રશાસન અને સ્થાનિક હિતધારકોની સલાહથી સર્વે ઓફ ઇન્ડિયાના સત્તાવાર નકશા પર નામોની ચોક્કસ સરળ બનાવવા અને આમ જનતામાં વધુ સારી જાગૃતિ કેળવવા માટે આ કવાયત હાથ ધરવામાં આવી છે. ગૃહ મંત્રાલયનો આ નિર્ણય સંપૂર્ણપણે સ્વયંસ્પષ્ટ છે.

બિહારમાં ગંગા...

કારણે આ દુર્ઘટના સર્જાઈ હોવાનું મનાઈ રહ્યું છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક લોકો તાત્કાલિક ધોરણે મદદ માટે દોડી આવ્યા હતા અને ડૂબી રહેલા લોકોને બચાવવાના પ્રયાસો શરૂ કર્યા હતા. બચાવેલા લોકોને રાઘોપુર ફતેહપુરના પ્રાથમિક સ્વાસ્થ્ય કેન્દ્રમાં ખસેડવામાં આવ્યા હતા. માહિતી મળતા જ પોલીસ અને પ્રશાસનના ઉચ્ચ અધિકારીઓ પણ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. એનડીઆરએફ અને એસડીઆરએફની ટીમ દ્વારા સ્થાનિક ગોતાખોરોની મદદથી લાપતા લોકોની શોધખોળ હાથ ધરવામાં આવી છે.રાત્રીનો સમય હોવાથી અંધારું અને ગંગા નદીના પાણીની વધુ ઊંડાઈ બચાવ કામગીરીમાં અડચણરૂપ બની રહી હતી. વૈશાલીના પોલીસ અધીક્ષક (એસપી) શુષાંક મિશ્રા પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને સ્થિતિનો તાગ મેળવ્યો હતો.

દિલ્હી ડાયરી...

દીધો હતો. આ માર્ચ સુપ્રીમ કોર્ટમાં વિપક્ષી નેતાઓ દ્વારા રાહુલ ગાંધીની આગેવાની હેઠળ અરજી દાખલ કરવા સાથે પૂર્ણ થઈ. જોકે, યોજના મુજબ તેઓ વ્યક્તિગત રીતે આ કામગીરી કરવા માટે સાંજે ૪.૩૦ વાગ્યા પહેલાં સમયસર પહોંચી શક્યા ન હતા. તે સંજોગોમાં અરજી તેમના વકીલ એસ પ્રસન્ના દ્વારા દાખલ કરવામાં આવી હતી. આ ઘટનાક્રમ કોંગ્રેસના રાજ્યસભા સાંસદ અને વરિષ્ઠ વકીલ મનુ અભિષેક સિંઘવીના નેતૃત્વ હેઠળ ૩૦૦થી ૪૦૦ વકીલોના મજબૂત જૂથની હાજરી વચ્ચે બન્યો હતો. તેઓ પણ કાળા કોટ પહેરીને આ માર્ચમાં સામેલ થયા હતા.

ઇન્ડિયા બ્લોકના નેતાઓ જેવા કે રાષ્ટ્રીય જનતા દળના પ્રમુખ તેજસ્વી યાદવ, નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટીના સાંસદ સુપ્રિયા સુલે, સીપીઆઈ પ્રમુખ ડી રાજા અને એઆઈએસએ પ્રમુખ નેહા બોરાએ આગળ રહીને નેતૃત્વ કર્યું હતું.

હિંદુ રક્ષા દળ સાથે જોડાયેલા ચાર પુરુષોની ધરપકડ

સોશિયલ મીડિયા પર વ્યાપકપણે શેર થયેલા એક કથિત વીડિયોમાં પુરુષોના એક જૂથે કોકરોચ જનતા પાર્ટી પ્રેરિત આંદોલનમાં યુવાન પ્રદર્શનકારીઓ પર કથિત રીતે મારપીટ કરતા દેખાયા બાદ, દિલ્હી પોલીસે હિંદુ રક્ષા દળ નામના જમણેરી સંગઠન સાથે જોડાયેલા હોવાનો દાવો કરતા ચાર પુરુષોની ધરપકડ કરી છે. આ મારપીટની શિકાર કેટલીક મહિલાઓ પણ બની હતી.

અહેવાલો અનુસાર, ધરપકડ કરાયેલા ચારમાંથી બે વ્યક્તિઓનો ભૂતકાળનો ગુનાહિત રેકોર્ડ રહ્યો છે. તેમની સામે અગાઉ પણ હત્યાના પ્રયાસના ગુના નોંધાયેલા છે.દિલ્હી પોલીસના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, "તપાસ દરમિયાન અમને માહિતી મળી હતી કે, ચારમાંથી ત્રણ પુરુષો ભાગી જવાની યોજના બનાવી રહ્યા હતા.

પશ્ચિમ રેલવે - વડોદરા મંડળ

વિવિધ એન્જિનિરીંગ કાર્યો

ઈ-ટેન્ડર સૂચના ક્રમાંક DRM-BRC 083 થી 085 (વર્ષ 2026-27)

ભારતના રાષ્ટ્રપતિ વતી, ડિવિઝનલ રેલવે મેનેજર (WA/C), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004 દ્વારા નીચેના કામો માટે સીલબંધ ટેન્ડરો મંગાવવામાં આવે છે.

નં.	ઈ-ટેન્ડર નં		ટેન્ડર કિંમત રૂ.	ઈએમડી રૂ.
1	DRM BRC 083 of 2026-27	પ્રતાપનગર	6,06,18,327.47	12,12,400.00
	વર્કશોપ – વહીવટી બ્લોક અને લોકર સુવિધાનું અપગ્રેડેશન.			
2	DRM BRC 084 of 2026-27	ડી.બી.-વી.એસ.	3,41,79,127.31	6,83,600.00
	સેક્શન માં સર્વિસ બિલ્ડીંગ માં સુધારણા, પ્લેટફોર્મ, સર્ક્યુલેટિંગ એરિયા, કોલોનીઓ તથા સંબંધિત સિવિલ કામગીરીમાં સુધારણા અને પ્રતાપનગર ખાતે હાલના ડીઝલ શેડ, એન.જી. ઓફિસ બિલ્ડિંગ, સીસીસી તથા પિટલાઈનમાં સુધારણા કાર્ય.			
3	DRM BRC 085 of 2026-27	વરિષ્ઠ ડી.ઈ.એન.	4,80,09,087.51	9,60,200.00
	(દક્ષિણ), બી.આર.સી.ના અધિકારક્ષેત્ર હેઠળ વિવિધ ટ્રેક નવીનીકરણનાં કામો માટે કોન્ટ્રાક્ટરના પોતાના વેલ્ડર, વેલ્ડિંગ સામગ્રી, મજૂરો વગેરે સાથે સ્થળ પર જ 60 કિગ્રા, 90 UTS અને R-260 રેલના જોડાણોનું વેલ્ડિંગ કરવા તથા જરૂરી સામગ્રી પૂરી પાડવાનું કામ.			

ઉપરોક્ત તમામ ટેન્ડર માટેની વિગતો: ટેન્ડર સબમિટ કરવાની તારીખ અને સમય: 29.10.2026ના રોજ 15:00 વાગ્યા પહેલાં. **ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 29.10.2026ના રોજ 15:30 વાગ્યે. **સંપૂર્ણ વિગતો જોવા માટેની વેબસાઈટ: www.ireps.gov.in** ટેન્ડર ફોર્મ અને વિગતો માટેની **કચેરીનું સરનામું:** ડિવિઝનલ રેલવે મેનેજર (WA/C), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા – 4.

BRC 264

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

સુરત મહાનગરપાલિકા
સાઉથ ઝોન-બી (કનકપુર)
જાહેરનામું

આથી હું રાજકુમાર બેનિવાલ, (આઈ.એ.એસ) કમિશનર, સુરત મહાનગરપાલિકા, સને ૧૯૪૯ ની મુંબઈ પ્રાંતીય મહાનગરપાલિકાની કલમ ૨૩૬(૧) (૨) થી મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે સુરત મહાનગરપાલિકાના સાઉથ ઝોન-બી (કનકપુર) મોજે ગભેણી વિસ્તારમાં રામેશ્વર ચોકડી થી ગભેણી ગામ જોડતા હયાત રોડ પર સ્ટોર્મ ડ્રેનેજની આર.સી.સી. પાઈપો નાખવામાં આવનાર છે. તેમજ સદર રસ્તા પર ગભેણી ગામ ડ્રેનેજ પંપીગ નજીક રસ્તો ક્રોસ કરી બોક્ષ કલવર્ટ બનાવવાની કામગીરી કરવામાં આવનાર છે. સદરહું રસ્તો ઉપરોક્ત કામગીરી માટે બંધ કરી વપરાશમાં લેવામાં આવનાર છે. સદર કામગીરી દરમ્યાન ગભેણી ગામથી રામેશ્વર ચોકડી સુધીના રસ્તો બંધ કરી ગભેણી ગામથી મનોજ પ્રતાપ સ્કુલ થઈ બરફ ફેક્ટરી રોડથી રામેશ્વર ચોકડી તરફના રસ્તાનો ઉપયોગ વૈકલ્પિક રૂટ તરીકે વાહનો અને રાહદારીઓ માટે અવર જવર માટે કરવાનો રહેશે.

ઉપરોક્ત સમયગાળા દરમ્યાન એટલે કે ગભેણી ગામથી રામેશ્વર ચોકડી સુધીના રસ્તો તા.૧૫/૧૦/૨૦૨૬ થી તા.૧૫/૦૧/૨૦૨૭ દરમ્યાન સદરહું રસ્તા પર તમામ રાહદારીઓ તેમજ તમામ પ્રકારના વાહનોની અવર જવર માટે પ્રતિબંધ મુકવામાં આવે છે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

સદર કામગીરીના સમયગાળા દરમ્યાન સદર રોડ પર તબક્કાવાર કામગીરી થનાર હોય સદર રસ્તાના ભાગ પર કામગીરી પુરી થશે તેમ તેટલા ભાગનો રસ્તો નાગરીકોની સુવિધા માટે અંશતઃ રીતે તબક્કાવાર રીતે ખુલ્લો કરવામાં આવશે. સદર કામગીરી પૂર્ણ થયેથી પ્રતિબંધિત માર્ગ રાહદારીઓ તેમજ વાહન વ્યવહાર માટે ફરીથી ખુલ્લો કરવામાં આવશે.

નં.પી.આર.ઓ/૨૮૪/૨૦૨૬-૨૭ કમિશનર
તા. ૧૩/૧૦/૨૦૨૬ સુરત મહાનગરપાલિકા

વલસાડ નગરપાલિકા વલસાડ તરફથી
ટેન્ડર જાહેર નિવિદા

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે, વલસાડ નગરપાલિકા દ્વારા સ્વદેશી મેળાનાં આયોજન (Event Management) અંગે ટેન્ડર મંગાવવાના કામે એજન્સીઓ પાસેથી ઇ-ટેન્ડર મંગાવવામાં આવે છે. ઇ-ટેન્ડરની વિગત અત્રેની કચેરીએ તથા વેબસાઇટ (www.nprocure.com) પરથી તા.૧૪-૧૦-૨૦૨૬થી જોવા મળશે. ટેન્ડર ડોક્યુમેન્ટ ડાઉનલોડ કરી ઓનલાઇન ભરવાની છેલ્લી તા.૨૦-૧૦-૨૦૨૬ ના રોજ સાંજે ૬:૦૦ કલાક રહેશે. તેમજ અન્ય દસ્તાવેજો રજી.પો.એડી.થી કુરિયર તેમજ રૂબરૂ મોકલવાની છેલ્લી તા.૨૨-૧૦-૨૦૨૬ તેમજ ટેન્ડર ઓપન કરવાની સંભવિત તા.૨૩-૧૦-૨૦૨૬ના રોજ ૧૨:૦૦ કલાકે ખુલ્લા કરવામાં આવશે. વધુ વિગત માટે નગરપાલિકાનો રૂબરૂ સંપર્ક કરવાથી જરૂરી માહિતી મેળવી શકાશે. સદર કામ અંગેના તમામ હકકો નગરપાલિકાના અબાધિત રહેશે. ટેન્ડર મંજૂર કરવા કે ના મંજૂર કરવાની સત્તા નગરપાલિકાને રહેશે, જેના કોઈ કારણો જણાવવામાં આવશે નહીં. ટેન્ડર ડોક્યુમેન્ટના કવર ઉપર કામનું નામ અવશ્ય લખવાનું રહેશે.

અ. નં	કામનું નામ	ટેન્ડર ફી અને બાનાની રકમ
૧	વલસાડ નગરપાલિકા દ્વારા સ્વદેશી મેળાના સ્થળ કાર્યક્રમનું આયોજન સ્ટોલ, કાર્પેટ, ઇલેક્ટ્રીસીટી, સ્ટેજ, લાઇટિંગ, વેલકમ ગેટ, બેનરો તથા આનુસંગિક કામગીરી.	રૂ. ૧,૦૬૨/- અને રૂ. ૧૫,૦૦૦/-

ચીફ ઓફિસર, વલસાડ નગરપાલિકા   પ્રમુખ, વલસાડ નગરપાલિકા

નં. માહિતી/વલસાડ/ ૪૭૭/૨૦૨૬